# હોલો (Dove)

## પંખી લોક

★ પ્રવીણ સરવૈયા



ધરતી આપણી માતા છે. એના પર રહેનારાં તમામ જીવો ધરતીનાં સંતાનો છે. એનાં તમામ સંતાનોને જીવવાનો સમાન અધિકાર છે. તમામ જીવોનું સંવર્ધન- નિયમન કુદરતી રીતે જ થતું રહે છે, પણ આપણે તેમાં કેટલીક અડચણો ઊભી કરીને પ્રકૃતિના ક્રમમાં વિક્ષેપો ઊભા કર્યા છે. તેનાથી કુદરતમાં જીવોનું સંતુલન ખોરવાઈ જવાનો ભય ઊભો થાય છે.

માણસે પોતાની સુખાકારી સારુ વૃક્ષો કાપ્યાં, જંગલો વાઢીને નગરો ઊભાં કર્યાં. વિકાસના નામે પ્રકૃતિનો ભોગ લીધો. આવું સતત ચાલ્યા જ કરશે તો ભયંકર ગરબડ પેદા થશે અને તેનાં પરિણામો આપણે સહુએ ભોગવવાં પડશે. આજે નિયમિત જોવા મળતાં આપણાં ઘરઆંગણાનાં પંખીઓની સંખ્યામાં પણ ઘટાડો થતો જાય છે. ચકલી, કાબર, પોપટ, કબૂતર, હોલો, મોર, કાગડો વગેરેમાંથી કેટલાં પંખીઓ રોજ આપણાં ઘરે આવે છે? અરે, મોર જેવાં પંખીઓ તો ચોક્કસ સ્થળો સિવાય અદૃશ્ય બની રહ્યાં છે !

ભારતભરમાં વ્યાપક હોલો પણ



આ જે નિયમિત દેખાતો નથી. હોલો આપણું કોમળ, રાંક પંખી છે. ફળિયામાં કબૂતરો સાથે દાણા ચણતો અને ડોકું ફુલાવી માથું ઝુકાવતો હોલો જોવાની મજા આવે છે.

હોલાની આપણે ત્યાં ઘણી જાતો જોવા મળે છે. તેમાં Eurasian Collared Dove ધોળો હોલો અથવા કાંઠલાવાળો હોલો, Red Collared Dove રાતો હોલો અથવા લોટણ હોલો અને Laughing Dove નાનો બદામી હોલો ગુજરાતમાં સાર્વત્રિક વ્યાપક રીતે દેખાય છે. ઉપરાંત, Spoted Dove તલિયો હોલો કચ્છ સિવાય સમગ્ર ગુજરાતમાં, Oriental Turtle Dove શિયાળુ હોલો ગુજરાતના પૂર્વ ભાગ અને ગીરમાં શિયાળુ મુલાકાતી તરીકે દેખાય છે. તો, Namaqua Dove નમાકવા હોલો નળ સરોવર તેમજ સૌરાષ્ટ્રના પાણીવાળા છૂટાછવાયા ભાગોમાં તથા Asian Emerald Dove નીલમ હોલો ડાંગના જંગલમાં જોવા મળે છે.

હોલાની આ સૌ જાતમાં આપણે Spoted Dove તલિયા હોલાનો પરિચય મેળવીએ. તલિયો હોલો કાબર અને કબૂતરની વચ્ચેના કદનો છે. તેની પાતળી કાયા પર નજરે ચડે એવાં સફેદ ટપકાં છે. ઉપરના ભાગે ગુલાબી ભૂરો અને રાખોડી રંગ છે. ડોકની પાછળ કાળાં-ધોળાં ઝીણાં ખાનાં છે.

જ્યાં છૂટાંછવાયાં વૃક્ષોવાળો વગડો હોય, પાણી હોય અને ખેતી થતી હોય એવા પ્રદેશમાં હોલાની આ જાત જોડીમાં કે નાના ટોળામાં જોવા મળશે. તે વઢાઈ ગયેલા ખેતરમાં ખોરાક શોધતાં પણ જોવા મળી જાય. તલિયા હોલાને વગડો વધુ ગમે છે. તે આખો દિવસ એકાંતમાં બેસી ગાયા કરે છે. પ્રજનન ઋતુમાં નર ઘણી વાર આખી આખી રાત ગાયા કરે છે. તેથી તેની હાજરીનો આપણને ખ્યાલ આવી જાય છે. વારંવાર સંભળાતો તેનો અવાજ આપણને ગમે તેવો પણ કંઈક રીતે ગમગીની ભરેલો હોય એવો લાગે છે. હોલાની અન્ય જાતોને તેના અવાજ પરથી જ પક્ષી નિરીક્ષકો ઓળખી કાઢે છે. તલિયા હોલાનો માળો તેના કુળની પ્રણાલિકા પ્રમાણે સાવ ઠેકાણા વગરનો અને આછો-પાતળો હોય છે. તે ઝાડી, ખડકની ખાંચ કે ક્યારેક મકાનની દીવાલમાં છાપરા નીચે માળો કરે છે. માળાની મુખ્ય ઋતુ ચૈત્ર-વૈશાખ છે, પણ વરસમાં તેઓ બે વાર બચ્ચાં ઉછેરે છે. ઘાસ, તણખલાં ને ઝીણી ડાંખળીઓ તથા સાઠીકડાંનો બનેલો માળો સાવ કઢંગો હોય છે અને નીચેથી ઈંડાં જોઈ શકાય છે! માદા સફેદ રંગનાં બે ઈંડાં મૂકે છે. માળો કઢંગો હોવા છતાં ઘણો મજબૂત હોય છે. એ તેની વિશેષતા છે.

**ઘાસ, તણખલાં ને ઝીણી ડાંખળીઓ તથા સાઠીકડાંનો બનેલો માળો સાવ કઢંગો હોય છે અને નીચેથી ઈંડાં જોઈ શકાય છે! માદા સફેદ રંગનાં બે ઈંડાં મૂકે છે, માળો કઢંગો હોવા છતાં ઘણો મજબૂત હોય છે, એ તેની વિશેષતા છે**



આપણા સામાન્ય હોલા કરતાં તલિયો હોલો કદમાં થોડો મોટો છે. હોલો પારેવાનો ભાઈ છે. તેનું જીવન અને તેની રહેણીકરણી પારેવા જેવાં છે.

આ પક્ષી નર-માદા સાથે જ રહે છે. તેના ખોરાકમાં ઘાસ અને છોડનાં બિયાં હોય છે. એ માત્ર ચણ અને વનસ્પતિના આહાર પર જ જીવે છે. હોલો અન્ય પક્ષીની જેમ આપણાં ગીતોમાં ગૂંથાયેલું પંખી છે. પ્રેમાનંદ જેવા આખ્યાનકારે એના આખ્યાનમાં હોલાને યાદ કર્યો છે. ઘણું બીકણ ગણાતું આ પંખી આપણા લોકજીવનમાં ભગત તરીકે ઓળખાય છે.

પંખીઓની ઓળખ, તેમની ખાસિયત અને જીવનશૈલી આપણને ઘણુંઘણું શીખવી જાય છે. પંખીઓ આપણી નૈસર્ગિક સંપત્તિ છે, આપણી શોભા છે. આપણે એમનું જતન કરવું એ આપણી ફરજ છે.

# ટ્રેન દ્વારા બીજા શહેર કે રાજ્યમાં બાઈક પાર્સલ કરી શકાય?

ભારતીય રેલવે દ્વારા એક શહેરથી બીજા શહેરમાં કે એક રાજ્યથી બીજા રાજ્યમાં તમારી સાઇકલ અથવા બાઈક મોકલવી ખૂબ જ સુવિધાજનક છે. દરરોજ ટ્રેન મારફતે દેશના અલગ-અલગ વિસ્તારોમાં હજારો બાઈક અને સાઇકલ પાર્સલ તરીકે મોકલવામાં આવે છે. જો તમે કામ કે અન્ય કોઈ કારણસર તમારા ઘરથી દૂર બીજા શહેર કે રાજ્યમાં રહેતા હોવ તો તમે પણ આ સુવિધાનો લાભ લઈ શકો છો. જોકે, તેના માટે રેલવેના કેટલાક નિયમોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

આ મામલે તમારી નાની બેદરકારી પણ તમને મોટી મુશ્કેલીમાં મૂકી શકે છે. અધૂરી માહિતીના કારણે લોકો ઘણીવાર રેલવે સ્ટેશન પર પરેશાન થતા હોય છે. તેથી આ આર્ટિકલમાં કેટલાક મહત્વપૂર્ણ નિયમોની સાથે ટ્રેનમાં તમારી સાઇકલ અથવા ટૂ-વ્હીલર મોકલવાની યોગ્ય રીત વિશે જાણીએ.

જો તમે ટ્રેનમાં બાઈક કે સ્કૂટર પાર્સલ કરવાનું વિચારી રહ્યા છો તો તેના માટે ખાસ નિયમો છે. ટ્રેનની મુસાફરી દરમિયાન ટૂ-વ્હીલરને 'ફ્રી લગેજ' તરીકે ગણવામાં આવતી નથી. ઉદાહરણ તરીકે, તમારું નિયમિત



સૂટકેસ અથવા બેગ ફ્રી લગેજની શ્રેણીમાં આવી શકે છે. તમે જે વર્ગમાં મુસાફરી કરતા હોવ, ત્યાંના કોચમાં તમે સૂટકેસ કે બેગ મૂકી શકો છો. જોકે, ટૂ-વ્હીલરને અલગથી લગેજ અથવા પાર્સલ તરીકે બુક કરાવવી જરૂરી છે.

બુકિંગ થયા બાદ તેને ટ્રેનના આગળ અથવા પાછળના ભાગમાં આવેલા ગાર્ડના કમ્પાર્ટમેન્ટમાં રાખવામાં આવે છે. જો તમે બાઇક સાથે મુસાફરી કરવા જઈ રહ્યા છો અથવા તેને પાર્સલ કરવા માંગો છો, તો મુસાફરીના દિવસે ટ્રેન ઉપડવાના આશરે 2થી 3 કલાક પહેલાં સ્ટેશનના પાર્સલ ઓફિસમાં પહોંચી જવું પડે છે. ત્યાં તમારે તમારી કન્ફર્મ ટિકિટ અને માન્ય ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે, જરૂરી ફી ભરવાની રહેશે અને ત્યારબાદ લગેજ રસીદ મેળવવાની રહેશે. ધ્યાન રાખો કે જો તમે રસીદ વગર બાઇક કે સ્કૂટરને પ્લેટફોર્મ અથવા ટ્રેનના કોચમાં લઈ જશો તો ચેકિંગ સ્ટાફ તેને જપ્ત કરી શકે છે. એટલું જ નહીં, તમારે પાર્સલ ચાર્જ કરતાં અનેક ગણો દંડ પણ ચૂકવવો પડી શકે છે.

બાઇક પાર્સલ કરવા માટે કયા ડોક્યુમેન્ટ જરૂરી? - બાઇક પાર્સલ કરવા માટે સૌપ્રથમ પાર્સલ બુકિંગ ઓફિસમાંથી એક ફોર્મ લેવું પડશે. તેમાં તમારો મોબાઇલ નંબર, તમે ક્યાં જઈ રહ્યા છો અને વાહન સાથે જોડાયેલી તમામ વિગતો ભરવાની રહેશે. ત્યારબાદ રેલવે અધિકારીઓ તમારી બાઇકનું વજન કરશે અને જરૂરી તપાસ કરશે. પાર્સલ બુક કરાવતી વખતે તમારી પાસે આધાર કાર્ડ, એક એક્ટિવ મોબાઇલ નંબર અને બાઇકનું RC હોવું જરૂરી છે.